# Lokarpan

## Skipper Limited announces its arrival in Gujarat with its new manufacturing facil

**Date: 15/04/2015 | Edition: Ahmedabad | Page: 7 | Source: Bureau | Clip size (cm): W: 25 H: 14**

Clip: 1 of 1

### પીવીસી પાઈપ્સના નવા ઉત્પાદન એકમ સાથે

# સ્કીપર લિમીટેડનું ગુજરાતમાં આગમન

**અમદાવાદ, તા.૧૪**

ભારતમાં ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન (ટીએન્ડડી) ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વોટર ટ્રાન્સમિશન સેક્ટર્સમાં ટોચની ત્રણ કંપનીઓમાંની એક સ્કિપર લિ. (બીએસઈ : ૫૩૮૫૬૨) એ ગુજરાતમાં નવા પીવીસી પાઈપના ઉત્પાદન એકમ સાથે રાજ્યમાં તેના આગમનની જાહેરાત કરી છે. પૂર્વીય ભારતની બહાર વિસ્તરણ કરતાં સ્કિપર લિમિટેડનો નવો સેટેલાઈટ પ્લાન્ટ આંતરરાષ્ટ્રીય ધારાધોરણની પીવીસી પાઈપ્સની શ્રેષ્ઠ બ્રાન્ડ મારફત ગ્રાહકની નિકટતાની જરૂરિયાત પૂરી કરશે. પૂર્વીય ભારતમાં પીવીસી પાઈપ ઉત્પાદકોમાં અગ્રણી સ્થાન ધરાવતી કંપનીએ ગુજરાતમાં પગ મુકવા સાથે જળ સંશાધન ઉદ્યોગમાં તેની મહત્વાકાંક્ષી યોજનામાં તેનું સૌ પ્રથમ પગલું ભર્યું છે.

કેટલીક સામાજીક જવાબદારીની પહેલો હાથ ધરનાર સ્કીપર સેન્ટર ઓફ એક્સલન્સનો કાર્યક્રમ સ્કીપર સાથી પણ વિકસાવશે. આ સેન્ટર ખેડૂતો અને પ્લમ્બિંગ કોમ્યુનિટીને મફત તાલિમ આપશે. કંપનીએ આ પહેલ હેઠળ ગુજરાતમાં ૨,૦૦૦ અર્ધ કુશળ અથવા અકશુળ પ્લમ્બર્સ અને ૧૦,૦૦૦ ખેડૂતોને તાલિમ આપી છે. તેની આ પહેલ મારફત કંપનીનો આશય પ્લમ્બિંગ અને કૃષિ સેક્ટર માટે સક્ષમતા અને વિકાસના આધારે જથ્થા અને ગુણવત્તામાં તાલિમબધ્ધ મેનપાવરની વેલ્યુ ચેઈનની વિકસતી જરૂરિયાત પૂરી કરવામાં નોંધપાત્ર યોગદાન આપવાનો છે. કંપનીના પીવીસી કારોબારમાં ૧૦૦ ટકાની અસાધારણ વૃધ્ધિ અનુભવાઈ છે અને પૂર્વીય બજારમાં કંપની ૮ ટકા જેટલો નોંધપાત્ર બજારહિસ્સો ધરાવે છે. સ્કીપર રૂપિયાનું પૂરૂં વળતર પૂરૂં પાડતાં ઉત્પાદન તરીકે જાણિતી છે અને તેનો વિશાળ વૈવિધ્યપૂર્ણ વેન્ડર બેઝ ઓછા ખર્ચે ઉદ્યોગની સૌથી શ્રેષ્ઠ ગુણવત્તાની પીવીસી પાઈપ્સના ઉત્પાદનમાં સિમાચિહ્નો સ્થાપિત કરે છે. સ્કીપર લિ. ના ડિરેક્ટર દેવેશ બંસલે જણાવ્યું હતું કે, ભારતીય પીવીસી પાઈપ્સ અને ફિટિંગ્સ બજાર નાણાંકીય વર્ષ ૨૦૧૯ સુધીમાં રૂા. ૩૯૧ અબજનું થઈ જશે. તેમાં વાર્ષિક ૮-૧૦ ટકાની વૃધ્ધિ જોવા મળે છે. નવીનતાઓ અને અત્યાધુનિક ટેક્નોલોજીથી ઉત્પાદિત ઉત્પાદનો પર ચાલતી ખૂબ જ ઝડપથી વિકસી રહેલી કંપની તરીકે અમારો ધ્યેય અમારી મૂલ્ય વર્ધિત સ્પર્ધાત્મક વસ્તુઓ સાથે દેશમાં શક્ય એટલા વધુ ગ્રાહકો સુધી પહોંચવાનો છે. અમારી વિસ્તરણ યોજનાઓ માટે રાષ્ટ્રીય સ્તરે રૂા. ૩૦૦ કરોડની ફાળવણી અમે કરી છે અને ગુજરાતમાં આ ઉત્પાદન એકમ અમારો પાયાનો પથ્થર છે. એક જવાબદાર કોર્પોરેટ સિટિઝન તરીકે કંપની ટૂંક સમયમાં ગુજરાતમાં સંબંધિત ટ્રેડ કોમ્યુનિટીસના શૈક્ષણિક અને વોકેશનલ ઉત્થાન માટે સ્કીપર સાથી કાર્યક્રમ શરૂ કરશે. સ્કીપર લિ. ના ડિરેકટર સિધ્ધાર્થ બંસલે જણાવ્યું હતું કે, અમદાવાદમાં ૧૦,૦૦૦ થી વધુ એમટી ની ઉત્પાદન ક્ષમતા સાથે સ્કીપર ગુજરાતમાં સૌથી વધુ ઉત્પાદન કરતી ટોચની ત્રણ કંપનીઓમાં સ્થાન મેળવશે. આગામી ત્રણ વર્ષમાં ગુજરાતના બજારમાં ૧૦ ટકા બજાર હિસ્સો કબજે કરવા પર અમારી નજર છે. આગામી કેટલાંક વર્ષમાં વર્તમાન ઉત્પાદન ક્ષમતાને અંદાજે ૪૦,૦૦૦ એમટી સુધી લઈ જવાની કંપનીની યોજના છે. ગુજરાતમાં અમારો નવો એકમ વિશ્વ સ્તરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે લેટેસ્ટ પાઈપ એક્સ્ટ્રુસાન મશીનરીથી સજ્જ હશે. એકમ લગભગ ૮૦ ટકા ઓટોમેટિક ટેક્નોલોજીથી સજ્જ હશે. જેને પગલે તે ઉદ્યોગમાં સૌથી વધુ ઓટોમેટિક ટેક્નોલોજીથી સજ્જ એકમોમાંનો એક બની ગયો છે. અમારો વિશાળ વૈવિધ્યપૂર્ણ વેન્ડર બેઝ કરકસરયુક્ત ખરીદી અને રૂપિયાનું પૂરેપૂરૂં વળતર ચૂકવે છે.